## જામનગરના ચાંદી બજારમાં આવેલાં

# જૈન દહેરાસરો

– શ્રી મહેન્દ્ર ડી. શેઠ

જામનગરનો ચાંદી બજારનો ચોક ચાંદીના સટ્ટાના વેપાર માટે આજથી ત્રણ સાડા-ત્રણ દશકા પહેલાં વિશ્વવિખ્યાત બની ચૂકયો હતો. આ જ ચોકમાંથી દેશને આઝાદ કરવાની અપીલો થઈ હતી. સેલ્સ ટેક્ષની લડતના શુભ આરંભથી માંડીને શોક સભા, ચૂંટણી સભા, નેતાઓની સભા અને આજે કારમી મોંઘવારીમાં પીસાતી જનતાનો અવાજ, સીટી બસ આંદોલનનો અવાજ વગેરે આ ચોકમાંથી પ્રસારિત થયે રાખે છે. આ ચોકનો પણ એક નેત્રમનોહર, સ્મરણમનોહર ઊજળો ઇતિહાસ છે. તેનો વિસ્તાર કોઈ વાર આપની સમક્ષ રજૂ કરીશું.

આ ચાંદી બજાર શહેરની મધ્યમાં આવેલું છે. ત્યાં જૈન દહેરાસરોની હારથી તેનું સ્થાન નિરાળું બનવા પામેલ છે. આ દહેરાસરોની હારમાળાથી જાણે તે શહેરનું હૃદય હોય તેમ લાગી રહ્યું છે. આ દહેરાસરો ધરતીને તો શોભાવે જ છે, પરંતુ તેની ધર્મ-ધજાઓના સ્પંદનોથી અંબરને પણ શોભાવવાની કોશિષ કરતાં તેમ તેમની ધજાઓ અહનિંશ ફરકી રહી છે.

દહેરાસરમાં આવેલો શિલાલેખ જ આશરે એક ગજ પહોળો અને દોઢ ગજ લાંબો છે; તે ઇતિહાસના ઉજ્જવલ પ્રદેશમાં આપણને દોરે છે. આરસની આ શિલા ઉપર શુદ્ધ સંસ્કૃત ભાષામાં લેખનાં ગદ્ય અને પદ્યને કંડારવામાં આવ્યાં છે.

જામનગરના અનેક ઉપનામો છે. છતાં આ 'છોટી કાશી' નાં જૈન દહેરાસરોની માહિતી રસપ્રદ બની રહેશે.

વિ. સં. ૧૬૧૩ માં મહાન જ્ઞાની અચલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ધર્મમૂર્તિસૂરિજી મહારાજના ઉપદેશથી નગરના શાહ સોદાગર શેઠશ્રી તેજસિંહ શાહે જૈન દહેરાસરો બાંધવાનો સંકલ્પ કર્યો, અને તેને માટે ગુરુમહારાજ આચાર્યદેવ ધર્મમૂર્તિસૂરિની આજ્ઞા માગી. આવા મંગલ કાર્ય માટે ગુરુદેવો આનંદવિભોર બની આશીર્વાદ સાથે દહેરાસરના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાંધકામની આજ્ઞા આપી. આચાર્યદેવ ધર્મમૂર્તિસૂરિનું ચાતુર્માસ જામનગરમાં હોય અને તેમની પાસે મંગલમુહૂર્ત જોવડાવીને કામ શરૂ થાય, તે અત્યંત મંગલદાયી બને તેમાં શું આશ્ચર્ય ? ઉત્તમ મુહૂર્તે કામનો પ્રારંભ કરવામાં આવ્યો અને મુહૂર્તનો દિન શહેર-ભરના તમામ લોકોએ અને શ્રાવકોએ ખૂબ ધામધૂમથી ઊજવ્યો.

વિ. સં. ૧૬૨૩ માં શ્રી તેજસિંહ શાહે આચાર્યદેવ શ્રી ધર્મમૂર્તિસૂરિને જામનગર ચાતુર્માસ કરવાની વિનંતી કરી. આચાર્ય મહારાજે વિનંતિ સ્વીકારી અને તે ચાતુર્માસ જામનગરમાં કરવા નક્કી કર્યું.

પૂજ્ય આચાર્ય ભગવંત ધર્મમૂર્તિસૂરિ જ્યારે નવાનગરમાં (જામનગરમાં) પ્રવેશ કરવાના હતા, ત્યારે એ ભવ્ય અવસરને દિને નગરને ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. તેમનો નગર પ્રવેશ એટલો ધામધૂમપૂર્વક કરાવવામાં આવ્યો હતો કે, જાણે કોઈ ચક્રવર્તી રાજાધિરાજની પધરામણી ન થઈ હોય ?

આચાર્ય ભગવંતના આશીર્વાદથી વિ. સં. ૧૬૧૩ માં દહેરાસરના બાંધકામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તે પૂર્ણ થયું વિ. સં. ૧૫૨૪ માં. આ જૈન દહેરાસરની પ્રતિષ્ઠા શેઠ શ્રી તેજસિંહના કરકમલે પોષ સુદિ આઠમ (૧૬૨૪) ના શુભ દિને થવા પામેલ હતી. આ દહેરાસર જેને આજે લોકો શ્રી શાંતિનાથજીના દહેરાસર તરીકે ઓળખે છે, તે દહેરાસર. આ દહેરાસરના બાંધકામમાં બે લાખ સુવર્ણમુદ્રાઓનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તે મંદિરમાં મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથ પ્રભુ બિરાજી રહ્યા છે. એ શિખરબંધ જૈન દહેરાસરના પ્રતિષ્ઠા દિને બીજી એકાવન જિનપ્રતિમાઓની પણ પ્રતિષ્ઠા કરવામાં આવેલી હતી.

વિ. સં. ૧૬૪૪ માં તેજસિંહ શાહે ગુરુદેવના આશીર્વાદથી (ત્યારે આચાર્યદેવ જામનગર ચાતુર્માસ કરવા તેમની વિનંતિથી પધારેલા હતા.) શત્રુંજય તીર્થનાં દર્શનનો લાભ સકળ સંઘને, પાંચ લાખ મુદ્રિકાઓ ખર્ચી જાત્રાસંઘ કાઢીને આપેલો હતો.

વિ. સં. ૧૬૪૮ માં મોગલ બાદશાહ અકબરના સુબા ખાનઆઝમે, મુજફ્ફરની વતી સૈન્ય લઇને નગર ઉપર ચડાઈ કરી હતી અને નગરને ભાંગ્યું હતું. આમાં તેણે નગરને, જામનગરને ખૂબખૂબ નુકસાન પહોંચાડયું. ખાનઆઝમના લશ્કરના ત્રાસ અને ભયથી નગરના ઘણા બધા નાગરિકોને નગર છોડી હિજરત કરી ગયા. તેમાં તેજસિંહ શાહનો પણ સમાવેશ થતો હતો. તેજસિંહ શાહ કચ્છમાં આવેલા પોતાના ગામ માંડવીમાં પહોંચી ગયા. ત્યાં આગળ તેમને સમાચાર મળ્યા કે, મોગલ લશ્કરે તેમણે બંધાવેલા શ્રી શાંતિનાથ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુના દહેરાસરને અને તેની પ્રતિમાઓને ખંડિત કરેલ છે. આથી તેમને ચિંતા થવા લાગી, મન ઉદ્વેગમાં રહેવા લાગ્યું. થોડા સમય પછી ચાતુર્માસ શરૂ થવાનો હતો અને આ ચાતુર્માસમાં માંડવી (કચ્છ) મુકામે પૂજ્ય આચાર્ય ભગવંત ધર્મમૂર્તિસૂરિ પધારવાના હતા. આથી શ્રાવક શેઠ શ્રી તેજસિંહ શાહે ગુરુદેવની સલાહ લેવાનું કર્યું. ચાતુર્માસ દરમ્યાન, તેઓ ગુરુદેવને મળ્યા અને મોગલ લશ્કર દ્વારા ખંડિત કરવામાં આવેલા જામનગરના જૈન દહેરાસરની સઘળી હકીકત તેમને સંભળાવી. આચાર્ય ભગવંત પણ આ બાબતથી વિદિત જ હતા. તેઓશ્રીએ તેજસિંહ શાહને ઉપદેશ આપ્યો : 'ઉત્તમ શ્રાવક! જે બનવાનું હતું તે બની ગયું. તેમાં શોક કરવો સારો નથી. કાળની ગતિમાં જે જે બનાવો બનવાના છે, તેને રોકવા અહીં કોઈ સમર્થ નથી. માટે તમને જો અવસર પ્રાપ્ત થાય, તો તે જૈન દહેરાસરનો જીર્ણોદ્ધાર ઇત્યાદિ ફરીથી કરાવજો અને તમારા જેવા ધર્મી શ્રાવકે તેવાં જ કાર્યો હમેશાં કરવાં જોઇએ.'

ગુરુદેવની મધુર વાણી સાંભળી તેજસિંહ શાહનાં મનમાં જે ગ્લાનિ છવાયેલી હતી, તે દૂર થવા પામી. તેજસિંહ શાહ થોડો સમય પોતાના પૂર્વજોના ગામ આરિખાણા (કચ્છ)માં કુટુંબ સહિત રહેવા લાગ્યા; અને જ્યારે તેમના સાંભળવામાં આવ્યું કે મોગલ લશ્કર આ સમયે નગર છોડી હવે ચાલ્યું ગયું છે. ત્યારે તેઓ જામનગરમાં આવીને ફરી વસવાટ અને વેપારના કાર્યમાં લાગી ગયા. સાથોસાથ મોગલ લશ્કર દ્વારા ખંડિત થયેલા જૈન દહેરાસરનો પુનરુદ્ધાર શરૂ કર્યો. કામ પૂર્ણ થવા આવ્યું, ત્યારે તેજસિંહ શાહે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ધર્મમૂર્તિસૂરિને વિનંતિ સાથે સંદેશો પાઠવ્યો કે, આપ પધારી દહેરાસરની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવો. પૂજ્ય મહારાજશ્રીએ વિનંતિનો સહર્ષ સ્વીકાર કરી નગર તરફ આવવા પ્રયાણ કર્યું.

શરણાઇઓના સૂરો અને નગારાંના નાદ વચ્ચે ભગવાન શાંતિનાથજીની મંગલ મનોહારી મૂર્તિની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૪૮ માં માગસર શુદ ૪ ના મંગલદિને કરવામાં આવી. પ્રતિષ્ઠા પામેલી શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ અને અન્ય મૂર્તિઓ સોરઠના શિલ્પીઓએ કંડારેલી હતી. ખંડિત થયેલ દહેરાસર કરતાં આ પુનરુદ્ધાર પામેલા દહેરાસરને વિસ્તૃત કરવામાં આવ્યું. તેમાં નવા ચણતર કામમાં શિખરની પાછળના ભાગના ઉપરાઉપરી ત્રણ ચૌમુખ બાંધવામાં આવેલાં અને તેની પાસે એક ટૂંક કરાવી હતી. ફરતી બાવન દેરીઓને પણ કલાત્મક ઓપ આપવામાં આવેલ. નવા બાંધકામનું જે ખર્ચ થયેલું, તેમાં તેમના વેવાઈ શ્રી ચાંપશી શાહે ત્રીજા ભાગનું ખર્ચ પુણ્ય નિમિતે અર્પણ કરેલું હતું. બધું મળી અંદાજે ખર્ચ ત્રણ લાખ મુદ્રિકાનું થવા પામેલ હતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીર્ણોદ્ધાર થયેલા, ભવ્યતાથી શોભતા શ્રી શાંતિનાજીના દહેરાસરને નિહાળી, તે સમયના પ્રતિષ્ઠિત આગેવાન શ્રાવક શ્રી નેણશી શાહ અને તેમના પુત્રો સર્વશ્રી રામસિંહ, સોમસિંહ, કર્મસિંહ ઇત્યાદિ મળીને એક શિખરબંધ દહેરાસરનું નિર્માણકાર્ય શરૂ કરાવ્યું. તેમાં ચૌમુખ પ્રાસાદ વગેરે તૈયાર કરાવ્યા અને તૈયાર થયેલા દહેરાસરને પોતાના ભાઈ રાજસિંહ શાહના ( નેણસિંહ શાહના ભાઈ ) બંધાવેલા દહેરાસરા સાથે જોડી દેવામાં આવ્યું. આ દહેરાસરમાં ભગવાન શ્રી સંભવનાથજીની સમાન પ્રમાણવાળી ચાર મૂર્તિઓની પ્રતિષ્ઠા ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમપૂર્વક કરવામાં આવી. રાજસિંહ શાહના દહેરાસરમાં જવા માટે જે પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું, તેની નજીક નેણસિંહ શાહે પ્રવેશદ્વાર તૈયાર કરાવી એક જ પ્રવેશદ્વારમાંથી બંને મંદિરમાં જવાય એ રીતનું બાંધકામ કરી, બંને દહેરાસરને એક કરી નાખ્યાં. શ્રી નેણસિંહ શાહ અને તેમના પુત્રોએ એ દહેરાસરના બાંધકામમાં ત્રણ લાખ મુદ્રિકાઓ ખરચી હતી.

રાજસિંહ શાહે આ ઉપરાંત હાલારમાં માંઢા તથા ભલસાણ ગામમાં બે જૈન દહેરાસરો બંધાવેલાં હતાં, તેમ જ મચાંતર અને કાસાવડમાં બે ઉપાશ્રયો બંધાવી આપેલા હતા.

વિ. સં. ૧૬૫૦ માં કચ્છના રહેવાસી શાહ સોદાગર શેઠ વર્ધમાન શાહ અને તેમના લઘુ બંધુ પદ્મસિંહ શાહે ભદ્રાવતી (કચ્છ)નો એક મોટો સંઘ કાઢયો. આ સંઘ વહાણોમાં બેસી નાગનાથ બંદરે ( નવાનગર–જામનગર ) ઊતર્યો. આ સંઘ સાથે મહાન જ્ઞાની આચાર્ય ભગવંત કલ્યાણસાગરસૂરિજી અને તેમનું શિષ્યવૃંદ પણ જમીનમાર્ગે–રણમાર્ગેથી ભળીને સાથે ગયું હતું. તેઓ તમામ પગે ચાલતાં ચાલતાં કચ્છનું રણ પાર કરીને જામનગર આવી પહોંચ્યા.

આ સંઘ શ્રી શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા પૂરી કરી જામનગર પાછો ફર્યો, ત્યારે મહારાધિરાજ જામસાહેબ શ્રી જશવંતસિંહજીએ સંઘનું ભવ્ય સ્વાગત કર્યું. શહેરનું વાતાવરણ આ સંઘના મંગલ પ્રવેશથી ભવ્ય લાગવા માંડયું. રાજવીએ અને સંઘપતિએ નગરની પ્રજાને ભાવતાં ભોજન જમાડયાં. આ મંગલ પ્રસંગે નામદાર જામશ્રીએ વર્ધમાન શાહ અને પદ્મસિંહ શાહને મૂલ્યવાન વસ્તુઓની પહેરામણી આપી અને તેની સામે બન્ને ભાઈઓએ જામશ્રીને ચરણે એથી યે વધુ કિંમતી વસ્તુ ધરી.

જામનગરમાં રહી વર્ધમાન શાહ તથા પદ્મસિંહ શાહ કરોડો રૂપિયા વ્યાપારમાં કમાયા. આથી જામસાહેબે તેમને રાજ્યના પ્રમુખ મંત્રીઓના હોદ્દા અર્પણ કર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દિવસ બપોરના ભોજન સમયે પદ્મસિંહનાં પત્નીએ પીરસતાં પીરસતાં એક વાત ઉચ્ચારી અને એ વાત બન્ને ભાઈઓના હૃદયમાં ઊતરી ગઈ; કારણ કે, પદ્મસિંહ તથા વર્ધમાન શાહ તેમને લક્ષ્મીનો અવતાર માનતા હતા. પદ્મસિંહનાં પત્ની કમલાદેવીના આગમન પછી તે બન્ને ભાઈઓએ એટલી સંપત્તિ એકઠી કરેલી કે, તેનો હિસાબ મેળવવો કઠિન હતો. કમલાદેવીએ જે વાત ઉચ્ચારી તે આ પ્રમાણે હતી :

" આપ બન્ને ભાઈઓએ ખૂબ જ સંપત્તિ એકઠી કરેલી છે. આ ધનસંપત્તિનો ધર્મકાર્યમાં સદુપયોગ કરતાં શીખવું જરૂરી છે. જગતમાં ધન જ એકઠું કર્યા કરવું તે ઉચિત કાર્ય ન ગણાય; કારણ કે, ધન એકઠું કરવાનું કાર્ય અનેક મનુષ્યો સતતપણે કર્યા કરતા જ હોય છે. તેમાં પણ પુણ્યના સંયોગ સારા હોય તો ધન પણ મળતું જ રહે છે. પણ આ મેળવેલા ધનનો સદુપયોગ ધાર્મિક કાર્યમાં તેમ જ લોકોપયોગી કાર્યમાં કરી જગતમાં કીર્તિ મેળવે છે, તે જ મનુષ્ય ઉત્તમ મનુષ્ય ગણાય અને આ રીતે અપરંપાર પુણ્ય પણ મેળવે છે અને એ પુણ્ય ભવોભવ કામ આવે છે. માટે, આપ તથા આપના વડીલ બંધુ વીતરાગદેવની કૃપાથી મળેલી અઢળક ધનસંપત્તિનો સદુપયોગ તરત કરો. કારણ કે, શાસ્ત્રકારોએ લક્ષ્મીના સ્વભાવને ચંચળ પ્રકારનો કહ્યો છે. માટે લાંબા સમય સુધી તેનો વિશ્વાસ કરવો તે યોગ્ય નથી. વળી, લક્ષ્મી હોવા છતાં જે લોકો તેને ધાર્મિક કાર્યોમાં તથા અન્ય લોકોપયોગી કાર્યોમાં વાપરી શકતા નથી, તે લોકો મજૂર બરાબર છે અને પૂર્વ જન્મના પુણ્યને ખરચી મનુષ્ય-જન્મનો ભાર ઉપાડી જગતમાં પોતાને મળેલા મનુષ્ય-જન્મનો દુર્લભ અવસર વૃથા ગુમાવે છે."

કમલાદેવીની આવી વાત સાંભળી, તે બન્ને ભાઈઓએ કહ્યું : 'આપ અમને તે પુણ્ય કેવી રીતે કરવાં તે જણાવો, એટલે અમે તે મુજબ કાર્ય શરૂ કરી દઈએ.' ત્યારે કમલાદેવીએ કહ્યું : 'તીર્થતુલ્ય ભવ્ય એવાં જૈનમંદિરો બંધાવો.' બન્ને બંધવોએ તરત જ નિર્ણય લીધો ને સલાટો બોલાવી જિનમંદિર નિર્માણના શ્રી ગૌતમ કર્યા.

દહેરાસરનું બાંધકામ પૂરા જોશમાં થવા લાગ્યું. તેના કાર્ય માટે છ સો માણસોને કામે લગાડવામાં આવ્યા હતા. આ કાર્ય ચાલતું હતું ત્યારે કોઈ એક મનુષ્યને કુબુદ્ધિ સૂઝી. મુખ્ય સલાટો-કડીઆઓને અને બીજા માણસોને પુષ્કળ ધન આપી બંધાતા (વર્ધમાન શાહના જૈન દહેરાસર) દહેરાસરના શિખરને ઊંચું થવા ન દીધું.

વિ. સં. ૧૬૭૪ માં પૂજ્ય અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલ્યાણસાગરસૂરિજીએ વર્ધમાન નગર (વઢવાણ) નામે શહેરમાં ચાતુર્માસ નિમિતે મુકામ કરેલ હતો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે ત્યાં આગળ વર્ધમાન શાહ, પદ્મસિંહ શાહ તેમ જ રાજસિંહ શાહની વિનંતિનો સંદેશો તેમને પહોંચાડવામાં આવ્યો અને સૂરિજીએ જામનગર આવવા વિહાર શરૂ કર્યો. સંવત ૧૬૭૫ માં પૂર્ણ થયેલાં જૈન દહેરાસરોમાં મંગલ જિનપ્રતિમાઓની અંજનશલાકા સહિત પ્રતિષ્ઠા કરવામાં આવી. પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે લાખો સોનામહોરો દાનમાં આપવામાં આવી તથા નગરના નાગરિકોની પસંદગીનાં મિષ્ઠાનો તેમને જમાડવામાં આવ્યાં.

આ દહેરાસરોનાં નિત્યાદિ પૂજાપાઠ, જીર્ણોદ્ધાર વગેરે કરાવવા માટે તેઓએ નવ વાડીઓ, ચાર ક્ષેત્રો (ખેતરો) અને સંખ્યાબંધ દુકાનો સંઘને સમર્પણ કર્યાં હતાં.

વર્ધમાન શાહે ૮૨ વર્ષની વયે આ નાશવંત દુનિયાનો ત્યાગ કર્યો. તેમના મરણ-દિનની જાણ આ પૂર્વે પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણસાગરસૂરિએ તેમના ભાઈ પદ્મસિંહને કરેલી હતી. આથી તેમના મરણ પ્રસંગે સમસ્ત કુટુંબ ઉપસ્થિત હતું, તેમ જ પૂજ્ય આચાર્ય ભગવંતે પણ હાજર રહી ચાર શરણાંઓ સંભળાવ્યાં હતાં. કચ્છના રાવ શ્રી ભારમલજી તથા નામદાર જામ શ્રી જશવંતસિંહજીએ બે દિવસ રાજ્યમાં શોક પાળ્યો હતો. સમસ્ત કચ્છ પ્રદેશ અને હાલાર આખાને તેમના કારજ નિમિત્તે મિષ્ટાન ભોજન કરાવવામાં આવેલું, તેમાં બાર લાખ મુદ્રિકાઓ ખર્ચાઈ હતી. વર્ધમાન શાહને જે જગાએ અગ્નિ-સંસ્કાર કરવામાં આવેલો, તે જગાએ વિશાળ વાવ અને શ્રી શાંતિનાથ પ્રભુનાં પગલાં-વાળી દેરી પદ્મસિંહ શાહે ત્રણ લાખ મુદ્રિકાઓ ખર્ચી બંધાવી આપેલ હતી.

તેજસિંહ શાહ, વર્ધમાન શાહ, પદ્મસિંહ શાહ, રાયસિંહ શાહ, ચાંપશી શાહ, નેણશી શાહ વગેરેએ તેમના જીવન દરમ્યાન અબજો સોનામહોરોનું દાનપુણ્ય કરેલું હતું.

વર્ધમાન શાહના પુત્ર જે કુબેરપતિની ઉપમા પામેલા હતા, તે દાનેશ્વરી જગડૂ શાહને આજ પણ કોણ નથી ઓળખતું ?

---

બીજા જીવોને દુઃખ આપનારા અજ્ઞાની જીવો અંધારામાંથી અંધારાની તરફ જઈ રહ્યા છે.

મોહને કારણે મૂઢ બની ગયેલો માનવી ખરી રીતે જ્યાં ભયની આશંકા રહેલી છે, ત્યાં તો ભયની આશંકા નથી કરતો અને જ્યાં ભય પામવા જેવું કશું નથી, ત્યાં ભયની શંકા રાખ્યા કરે છે. — શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org